| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૨**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૯**<br>**પ્રશ્નની વિગત: ભરૂચ જિલ્લાના કબીરવડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અરુણસિંહ અજીતસિંહ રણા (વાગરા).** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી અરુણસિંહ અજીતસિંહ રણા (વાગરા).** |
| **પૂરક પ્રશ્ન (૧) :** કબીરવડ મેગા સર્કીટ અંતર્ગત કયા કયા સ્થળોએ શું શું કામગીરી હાથ ધરવામાં આવેલ છે તે જણાવો. |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>• કબીરવડ ખાતે મેગા સર્કીટનાં વિકાસની કામગીરી માટે પ્રવાસન નિગમ પ્રોજેક્ટની કામગીરી માટે આર્કિટેક્ટ કમ કન્સલ્ટન્ટ જયેશ પારેખ, અમદાવાદ તથા પીએમસી પ્રોજેક્ટ મેનેજમેન્ટ અંકલેશ્વર, અંકલેશ્વરની નિમણૂક કરીને રૂ. ૩૧.૨૨ કરોડના અંદાજનું ટેન્ડર તૈયાર કરેલ છે.<br>• જેમાં કબીરવડ ઘાટ, શુક્લતીર્થ ઘાટ, મંગલેશ્વર ઘાટ અને અંગારેશ્વર ઘાટ એમ કૂલ ચાર |

સ્થળોએ પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવામાં આવનાર છે.

- જેમાં મુખ્યત્વે ચારેય સ્થળે ઘાટ ડેવલપમેન્ટ, પાર્કિંગની વ્યવસ્થા, કોમ્યુનીટી હોલનું નિર્માણ, પીવાના પાણીની વ્યવસ્થા, ટોઈલેટ બ્લોક, ઈલેક્ટ્રીફીકેશન, લેન્ડસ્કેપિંગ, ચિલ્ડ્રન પ્લે એરિયાની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૨**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૯**<br>**પ્રશ્નની વિગત: ભરૂચ જિલ્લાના કબીરવડને  પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અરુણસિંહ અજીતસિંહ રણા (વાગરા).** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી વસાવા રીતેશકુમાર રમણભાઈ (ઝઘડિયા).** |
| **પૂરક પ્રશ્ન (૨)** કબીરવડ સ્થળનું આધ્યાત્મિક મહત્વ શું છે તે જણાવો. |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>• ગુજરાતના ઈતિહાસમાં તો કબીરવડ ઘણા વર્ષોથી પર્યટક સ્થળ તરીકે જાણીતો છે. નર્મદા નદીના વચ્ચોવચ આવેલા ટાપુ પર કબીરવડ સ્થિત છે. શુકલતીર્થ શિવમંદિરથી નાવમાં બેસીને આ જગ્યાએ પહોંચી શકાય છે. વડની વડવાઈઓથી વૃક્ષ વાટિકામાં ફેરવાયેલું આ વૃક્ષ સમયાંતરે ૩ કિ.મી.ના વિસ્તારમાં ફેલાઈ ચુક્યું છે. સંત કબીર જેઓ વર્ષો સુધી અહીં વસ્યા હતા તેમના નામ પરથી આ વડનું નામ કબીરવડ પડયું છે. અહીં કબીર મંદિર પણ છે જ્યાં મુલાકાતીઓ અને શ્રદ્ધાળુઓ પ્રાર્થના કરવા આવે છે. કબીરવડ માત્ર ઐતીહાશિક |

કારણથી લોકો આવતા નથી પરંતુ અહીંના ભવ્ય વડની આસપાસ ફેલાયેલી અપાર શાંતિ અને પવિત્રતા માણવા આવે છે. કમલાકાર મંદિરમાં કબીર સાહેબની પાદુકા આજે પણ આવેલી છે. તથા મંદિરમાં કબીરસાહેબના જીવન તથા કથનની ઝાખી થાય છે. કારતક સુદ પુનમનો અહી વિશાળ મેળો ભરાય છે. જેમાં દેશભરમાંથી કબીર સાહેબના ભકતો સંતો મહંતો ઉપસ્થિત રહે છે. જેમાં અંદાજે ૭ થી ૮ લાખ લોકો દર વર્ષે કબીરવડ ની મુલાકાત લે છે. હાલ દેવદીવાળીમાં મેળામાં અંદાજે ૪૦,૦૦૦ જેવા મુલાકાતીઓએ મુલાકાત લીધેલ છે.

<table>
<tr><td>

**અગ્રતા ક્રમ : ૧૨**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૩૯**

**પ્રશ્નની વિગત: ભરૂચ જિલ્લાના કબીરવડને  પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી અરુણસિંહ અજીતસિંહ રણા (વાગરા).**

</td></tr>
<tr><td>

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી મિસ્ત્રી રમેશભાઈ નારણદાસ(ભરૂચ).**

</td></tr>
<tr><td>

**પૂરક પ્રશ્ન (૩)** ભરૂચ જીલ્લાના અન્ય પ્રવાસન સ્થળને વિકસાવવા પ્રવાસન નિગમનું શું આયોજન છે તે બાબતની અદ્યતન પરિસ્થિતિ જણાવો

</td></tr>
<tr><td>

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

• કલેકટરશ્રી, ભરૂચ અને અધ્યક્ષશ્રી, જીલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી દ્વારા શહેરના લોકો તેમજ પરિક્રમાવાસીઓની આસ્થાને ધ્યાને લઈ નર્મદા નદીના કિનારે નીલકંઠેશ્વર મંદિરથી નર્મદા નદીને સમાંતર ગંગા આરતી ઘાટની જેમ નર્મદા આરતીનો ઘાટનો વિકાસ કરવા માટે રકમ રૂ.૫.૦૦ કરોડની મર્યાદામાં વિકાસની કામગીરીની રજૂઆત પ્રવાસન નિગમને કરવામાં આવેલ.

• પ્રવાસન નિગમ દ્વારા સરકારશ્રીની મંજૂરીને આધીન ઉપરોકત પ્રોજેક્ટનાં આર્કિટેક્ટ તરીકે

</td></tr>
</table>

સ્ટુડીયો ૯૧૯ આર્કિટેક્ટ, અમદાવાદને વર્કઓર્ડર આપવામાં આવેલ છે, જેમાં મુખ્યત્વે ઘાટ ડેવલપમેન્ટ, સ્કલ્પચર, ગઝેબો, બેઝીક ફેસીલીટીઝ જેવી કે પીવાના પાણીની વ્યવસ્થા, ટોઈલેટ બ્લોક, લેન્ડસ્કેપિંગ, ઈલેક્ટ્રીફીકેશન જેવી કામગીરી કરવામાં આવનાર છે.

- હાલમાં નિગમ દ્વારા ટેન્ડર તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.